# Day to Day Current Affairs
## September – 2015

### ❖ ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૫ (શનિવાર)

#### 1) ગુજરાતી સાહિત્ય પરીષદ :–

- ગુજરાતી સાહિત્ય પરીષદના પ્રમુખ પદ માટે ૬૦ વર્ષે ચુંટણી યોજાઈ.
- આ ચુંટણીમાં ચંન્દ્રકાન્ત ટોપીવાળાનો વિજય.
- આ ચુંટણીમાં નાનુભાઈ નાયકનો પરાજય થયો.
- વર્ષ – ૧૯૫૫માં પરીષદે કનૈયાલાલ મનશીને પ્રમુખ બનાવીને મતાધિકારથી લોકશાહી શકય બનાવેલી.
- ચન્દ્રકાંન્ત ટોપીવાળાનો જન્મ ૭ ઓગસ્ટ, ૧૯૨૬ ના રોજ વડોદરામાં થયો હતો.
- તેમને વર્ષ – ૨૦૦૨માં રણજીતરામ સૂવર્ણ ચંદ્રક મળ્યો હતો.
- તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ :– "મહેરામણ"
- તેમની અન્ય મહત્વની કૃતિઓ :–
  - "કાન્તા તારી રાણી"
  - "પક્ષીતીર્થ"
  - "બ્લેક ફોરેસ્ટ"
  - "કલ્પો કે કલ્પના મરી પરવારી છે"
  - "દુઈનો કરૂણિકાઓ"
- ચંન્દ્રકાન્ત ટોપીવાળા ગુજરાતી સાહિત્ય પરીષદના વર્ષ ૨૦૧૬ – ૨૦૧૭ ના વર્ષ માટેના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા છે.

#### 2) નેશનલ ટુરિઝમ એવોર્ડ – ૨૦૧૩–૧૪ :–

- વર્ષ – ૨૦૧૩ – ૧૪ના નેશનલ ટૂરિઝમ એવોર્ડ્સમાં ગુજરાતને કોમ્પ્રિહેન્સિવ ડેવલપમેન્ટ ટૂરિઝમ કેટેગરીમાં ટોચનો પુરસ્કાર.
- આ ઉપરાંત ગુજરાતને અન્ય ત્રણ કેટેગરીમાં પણ વિજેતા ઘોષિત કરાયું જેમાં ગુજરાતને રણોત્સવ માટે બેસ્ટ રૂરલ ટૂરિઝમ પ્રોજેકટ, ગુજરાતના ૫૦ સુવર્ણ સ્થળો નામની કોફી ટેબલ બુકને બેસ્ટ ટૂરિઝમ પ્રમોશન પબ્લિસિટી મટિરિયલ અને બેસ્ટ ફિલ્મ પ્રમોશન ફ્રેન્ડલી સ્ટેટના પુરસ્કાર અપાયા.
- આ ગુજરાતને કુલ અલગ અલગ કેટેગરીમાં ચાર એવોર્ડ એનાયત થયા.
- આ યાદીમાં મધ્યપ્રદેશ ટોચના સ્થાને રહયું. મધ્યપ્રદેશને અલગ અલગ કુલ છ કેટેગરીમાં એવોર્ડ મળ્યા.
- કેન્દ્રીય પ્રવાસન મંત્રી :– મહેશ શર્મા
- આ એવોર્ડ સમારોહમાં ગુજરાત વતી રાજયના પ્રવાસન સચિવ એસ. જે. હૈદર હાજર રહયા હતા.
- ગુજરાતમાં રણોત્સવની શરૂઆત વર્ષ – ૨૦૦૩માં ફકત ત્રણ દિવસ માટે થઈ હતી. જે આજે ત્રણ મહિના જેટલો સમય ચાલે છે.

#### 3) ઈંગ્લેંન્ડમાં ઘાયલ સૈનિકો માટે યોજાયેલ ચેરીટી મેચ :–

- તાજેતરમાં ઈંગ્લેંન્ડ ખાતે બ્રિટીશ આર્મીના બિમાર ઘાયલ અને ગંભીર રીતે ઈજા પામેલા સૈનિકો અને તેમના પરીવારના સપોર્ટ માટે 'હેલ્પ ફોર હિરોઝ' ચેરીટી મેચ યોજાઈ હતી.
- વિજેતા ટીમ :– હેલ્પ ફોર હિરોઝ(કેપ્ટન :– એન્ડ્રયુ સ્ટ્રોસ)
- રનર્સઅપ ટીમ :– રેસ્ટ ઓફ વર્લ્ડ ઈલેવન (કેપ્ટન :– બ્રેન્ડન મેકુલમ)
- આ મેચમાં સહેવાગ અને ધોનીએ શાનદાર દેખાવ કર્યો હતો.

Vivekanand Academy, Gandhinagar